પાર્થિવ વાસ્તવતાની સ્વપ્નમયી સંધ્યા

પછી તો એક ઢોળાવ આવ્યો. લથડાતો લથડાતો એ એક ભૂખરા ઉતાર તરફ નીચે સરકી જતો હતો. આદર્શના જગતની અદ્‌ભુતતા લુપ્ત થઈ અને વિચાર નીચેના સ્તરો તરફ ઊતર્યો. એક અણઘડ જેવી વાસ્તવતા તરફ એનો વેગ વળ્યો. સ્વપ્નમય સૃષ્ટિ ઓછી આનન્દક બની અને હજીય રંગપલટો કર્યા કરતી સંધ્યાએ એને ગાઢ લપેટી રાખી.

સાવિત્રીના હૃદયને એક તીવ્ર તંગી ઘેરી વળી હતી; એની ઇન્દ્રિયો ઉપર એક ભેંકાર ભય લદાયો હતો. વિષાદ-ઘેર્યા ઘોર ઘોષો એને કાને અથડાતા હતા. કાન્તિમાન ઝમકમાં વચ્ચે વચ્ચે તૂટ પડતી ત્યારે સાવિત્રીની દૃષ્ટિ સામે વાદળ-છાયા પહાડો દેખાતા, પિંગળવર્ણા પ્રવાહો, મોટા મોટા મિનારાઓવાળાં શહેરો, ઓવારાઓ, બંદરો ને ધોળા સઢ દેખાઈ દેખાઈને પાછા અલોપ થઈ જતા. એ સર્વેની મધ્યે શ્રમે લાગેલા લોકો અવલોકાતા. બદલાયે જતા ભૂખરા લબાચાઓમાં એમનાં છાયામય સ્વરૂપો સ્વપ્નનાં હોય એવાં લાગતાં. એમની અવસ્થાનું ઠેકાણું ન'તું. જીવનના કર્મક્ષેત્રમાં ફેરફાર આણવા માટે મૃત્યુની રાહ જોવાતી.

શ્રમનાં કાર્યોનો મોટો ઘોંઘાટ ત્યાં થતો હતો. વિચારો ને કર્મોનો કોલાહલ ઘૂઘવતા સાગરરવ જેવો સંભળાતો હતો. વિચારોનાં ભૂત, નાસીપાસ આશાઓ, કુદરતનાં સ્વરૂપો, મનુષ્યોની કૃતિઓ, તત્ત્વદર્શનો, સાધનાપ્રણાલીઓ, ધારા-ધોરણો, પુરાણા સમાજોનાં પ્રેતો, રાક્ષસી ઇમારતો, ને કીટકોટિનાંનીય કૃતિઓ,—ચિત્રખંડોની માફક પસાર થઈ જતાં સાવિત્રીએ જોયાં. એના મન આગળ થઈને ઝંખાવાઈ ગયેલા આવિષ્કારો પસાર થયા, મુક્તિપ્રદાતા શબ્દો, દેવોના સંદેશાઓ, પેગંબરોના પેગામો, લોપ પામેલા ધર્મમતોનાં સારરહિત બનેલાં શાસ્ત્રો સરકી ગયાં. આદર્શો, વિધિઓ, વિજ્ઞાનો, કાવ્યો, કલાકારીગરીની કૃતિઓ એક પછી એક આવ્યાં ને ગયાં. પરંતુ એ સઘળાં સૂના શૂન્યને પાર કરતાં સપનાં જ હતાં. એકાંત-સેવી ઋષિઓ, નિર્જનવનવાસી મુનિજનો સ્થિર આસને બેસીને સ્વર્ગની કે શબ્દા-તીત આત્મશાંતિની શોધ કરતા હતા. વળી જાણે સમાધિસ્થ ન હોય એવા નિદ્રિત જીવો ત્યાં દેખાયા, ને તે પણ એક સ્વપ્ન જ હતું. ભૂતકાળે સર્જેલું ને સંહારેલું સઘળું ત્યાં હતું. એકવારનું જીવંત પણ અત્યારે વીસરાયેલું, નવો આવિષ્કાર પામી વર્તમાનનું પ્રીતિપાત્ર બનેલું અને ભાવિની આશાઓ જે આણે છે તે બધું ખતમ

થઈ ગયા છતાંય આગ્રહિયું બની પાછું ફરતું હતું. કેમ કે ખોજની યાતનામાંય આનંદ છે, શ્રમથી મેળવવામાં અને મેળવેલું ગુમાવવામાંય આનંદ છે, સર્જવામાં, સંરક્ષવામાં અને સંહારવામાંય આનંદ છે. યુગચક્રો પસાર થઈ જાય છે ને પાછાં પણ આવે છે ને એના એ જ શ્રમો ને નિષ્ફળ અંત આણે છે; સંસાર ચાલતો રહે છે, નિત્ય નવાં રૂપો ને નિત્ય પુરાણાં રૂપો આવૃત્ત થયા કરે છે: આ સર્વ સાવિત્રીને એક સ્વપ્ન જેવું ભાસ્યું.

ફરી એકવાર યમનો વિનાશક નાદ ગાજ્યો:

"જોયાં આ સૌ પ્રતીકાત્મક જગતનાં રૂપો. આ સર્જનાત્મક સ્વપ્ન પૃથ્વી પરનાં નક્કર કાર્યોને પ્રેરે છે. જો આ અસ્તિના પાપનું, જીવનેચ્છાનું ને અસાધ્ય રોગ જેવી આશાનું પરિણામ. પ્રકૃતિ બદલાતી નથી, માણસ છે તેવો જ રહે છે ને પ્રકૃતિના નાફેર નિયમને અનુસરે છે. માણસ એટલે મન; એ વિચાર પાર જઈ શકતો નથી. હદમાં રહેલો જ એ સલામત છે. સ્વર્ગોને એ જુએ છે ખરો, પણ એ ત્યાં આરોહી શકતો નથી. મનની જાળમાં એ ઝલાયેલો છે. પ્રાણની ભીંતો સામે એ અમસ્તો જ પાંખો ફફડાવે છે. એના હૃદયની પ્રાર્થના ઊંચે ચડે છે પણ તે એળે જાય છે. અરૂપ શૂન્યને એણે દેદીપ્યમાન દેવોથી વસાવ્યું છે, એમાં જ એ છુટકારો માગે છે. નિર્વાણ જ એનો આરો છે. શબ્દ મૌનમાં ને નામ શૂન્યમાં શમી જાય છે.

પ્રભુને એ પોતાનો પ્રેમી કહીને નકામો બોલાવે છે. જે શાશ્વત છે તેની પર એ રોષનું ને પ્રેમનું આરોપણ કરે છે, જે અવર્ણ્ય છે તેને નિરર્થક હજારો નામ આપે છે. તું પ્રભુને નીચે બોલાવી લાવવાની આશા રાખતી નહીં. સવેગ વહી રહેલા કાળમાં સનાતન શી રીતે નિવાસ કરવાનો હતો? જગતને લક્ષ્ય જ ક્યાં છે? અસ્તિત્વમાં આવેલું કશું જ સ્થાયી નથી. ધર્મમતો બચાવી લેવા આવ્યા, પણ તેઓ પોતાને જ બચાવી શક્યા નથી. કાળે એમને જૂઠા પાડ્યા છે. તત્ત્વદર્શનોએ એકે સમસ્યા હલ કરી નથી. વિજ્ઞાન ફોગટનું જ પોતાને સર્વશકિતમાન માને છે, પછી ભલે એણે સૂર્યો શાના બન્યા છે તે શોધી કાઢ્યું હોય, પદાર્થોને રૂપાંતર પમાડી તેમને પોતાની સેવામાં પ્રયોજ્યા હોય, આકાશમાં એ અદ્ધર ઊડતું થયું હોય કે સમુદ્રની સપાટી નીચેનો સંચાર એણે સિદ્ધ કર્યો હોય. માણસો પોતે કોણ છે ને શા માટે તેઓ અહીં આવ્યા છે તે જાણતા નથી ને જાણવા પ્રયત્ન કરતા નથી. આ રાજકારણો, આ ભેજાંઓની રચનાઓ શુભાશુભનું સ્થાપત્ય છે, માનવ જીવનું બંદીખાનું છે. ક્રાંતિઓ થાય છે ત્યારે દૈત્યો ને મદ્યપાને મત્ત બનેલા દેવો મહાતોફાન મચાવી મૂકે છે. લડાઈઓ ને ખૂનરેજી થાય છે ને પાગલ બનેલી પાયમાલી ઘડીના છઠ્ઠા ભાગમાં સૈકાઓની સિદ્ધિઓને હતી ન હતી કરી નાખે છે. વિજેતાના મુગટ માટે ભાવિ માનવોને ભારે દુ:ખદંડ ભરવો પડે છે. વીરનું વદન ને જાનવરનાં અંગો, દાનવનો ને અર્ધ-દેવનો સંમિશ્રિત મહિમા, જાહોજલાલી ને હેવાનિયત ને શરમાઈ મરવું

પડે એવાં કાળાં કૃત્યો સેળભેળ થઈ ગયેલાં હોય છે.

ને આ સર્વ શાને માટે? આ યાત્રાનો અંત ક્યાં? આ યોજના કોણે કરી છે? કે પછી સ્વયંસંચાલિત સર્વ સચરાચર આમ એને માર્ગે સંચરી રહ્યું છે? કે પછી સ્વપ્નમાં પ્રવર્તતા મન વગર બીજું કાંઈ છે જ નહિ? અને જો મન જ સર્વ કાંઈ હોય તો મહાસુખની આશાને ઉચાળા ભરવા દે. મન સત્યનો સંપર્ક સાધી શકતું નથી, પરમાત્માના સ્વરૂપને જોઈ શકતું નથી. મન છે પ્રકાશ ને છાયાનું વણાટકામ. સત્યાસત્ય, હર્ષશોક વગેરે દ્વન્દ્વો એના વાણાતાણા છે. માટે પૃથ્વીને પ્રભુનું ધામ બનાવી દેવાના વિચારને વાગોળ્યા કરતી નહીં. અહીં સત્ય નહીં પણ સત્યનો વિચારમાત્ર આવી શકે છે. અહીં પ્રભુ પોતે નહીં, પ્રભુનું નામમાત્ર હોય છે. ને પ્રભુ હોય તોય એને જગતની કશી પડી નથી. પ્રભુ છે પરમપ્રજ્ઞાવંત ને વિચારથી પર. એના એકાંત આનંદને પ્રેમની જરૂર નથી. દુ:ખ, શોક અને મૃત્યુ જ્યાં મહાલે છે ત્યાં જગદંબાની મધુરી મુદા ટકી શકતી નથી. માટે ઓ શાશ્વતીની સુતા! જ્યાં જ્યોતિ સહજ છે, જ્યાં આનંદનું રાજ્ય છે, જ્યાં વસ્તુમાત્રની ભૂમિકાને રૂપે અમર આત્મા વિરાજમાન છે ત્યાં તારું સ્થાન લે. એક પ્રભુ તરફ વળ અને બીજું બધું પાછળ છોડ. સત્યવાનને ભૂલી જા. આત્મવિલોપન કરી નાખ. કેમ કે પ્રભુનાં શિખરોએ પહોંચવાને પોતા માટે પોતે મરી જવું પડે છે. હું મૃત્યુ અમૃતત્વનું મહાદ્વાર છું."

સાવિત્રીએ કુતર્કી દેવને ઉત્તર આપ્યો:

"ફરી પાછો તું સત્યની આંખોને આંધળી બનાવવા માટે પ્રકાશને બોલાવી રહ્યો છે. શું તું જ્ઞાનને અજ્ઞાનની જાળનો ફંદો બનાવવા માગે છે? જીવતા જીવને મારી નાખવા માટે શું તું શબ્દને બાણ બનાવશે? થાકી ગયેલાં ને ઘવાયેલાં હૃદયોને ને પ્રભુના લીલાનાટકમાંથી નીકળી જઈ શાંતિનું સદન શોધતાં હોય તેમને તારાં વરદાનો આપ. મારે એ જોઈતાં નથી. જો આ મારામાં અવસ્થિત થયેલી વિશ્વેશ્વરીની મહાશક્તિ. એનું જ્ઞાન છે સૂર્યોજ્જ્વલ, એનો પ્રેમ છે ભભૂકતું મૌન. જગત એક આધ્યાત્મિક કોયડો છે. ૐ **तत् सत्** નો કંગાલ અનુવાદ છે, પ્રતીકમાં પૂરી શકાય નહિ એવું પ્રતીક છે. એની શકિતઓ આવેલી છે ઊર્ધ્વના નિત્યમાંથી ને એમણે પાતાળ પર્યંત પ્રવેશ કર્યો છે. ત્યાંથી એ પોતાનું ચમત્કારી કાર્ય સિદ્ધ કરવા માટે ઉપર આવે છે. ચૈત્ય આત્મા અવ્યક્તનું એક સ્વરૂપ છે. મન અચિંત્યનું ચિંતન કરવા મથે છે, જીવન અમરાત્માને જન્મ આપવા ઝંખે છે, શરીર અપરિમેયનું મંગલ મંદિર બનવા માગે છે. જગત પરમસત્યથી ને પ્રભુથી છીણી મૂકી છૂટી પાડેલી વસ્તુ નથી. યમદેવ! તારા પ્રયાસો નિષ્ફળ નીવડશે, તને તરી જઈને માનવ જીવ દેવાલયમાં જશે.

મારું મન સનાતન સૂર્યની મશાલ છે, મારું જીવન છે અમૃતસ્વરૂપ અતિથિના શ્વાસોચ્છ્વાસ, મારું શરીર છે સનાતનનું નિકેતન. પૃથ્વી ઉપર જે અલૌકિક

ઉત્ક્રાંતિ ચાલી રહી છે તેને જોયા પછી કોણ ક્હેશે કે પ્રભુ પૃથ્વી ઉપર પ્રકટ નહિ થાય? શૂન્યમાંથી જો સૃષ્ટિ ઊભી થઈ હોય, અશરીરી ઓજે જડદ્રવ્યનું રૂપ લીધું હોય, વૃક્ષો અને વેલોમાં પલ્લવમયી ને પુષ્પમયી સુંદરતાને સ્વરૂપે પ્રાણ જો ઊંચે આરોહ્યો હોય, ઇન્દ્રિય સંવેદના જીવાણુમાં જાગી હોય, વિચારે મસ્તિષ્કને પોતાનું મથક બનાવ્યું હોય, માંસમાટીમાં થઈ ચૈત્ય આત્મા ડોકિયાં કરતો હોય તો કોણ ક્હેશે કે નિદ્રિત નિસર્ગમાંથી અજ્ઞાત શકિતઓ પ્રકટ નહિ થાય, અનામી જ્યોતિ મનુષ્ય ઉપર છલંગ નહિ મારે? અત્યારેય સત્યના સળગતા સંકેતો આવે છે, અમર પ્રેમીનો સ્પર્શ અનુભવાય છે. પ્રભુ ક્યારનોય નિકટવર્તી બની ચૂકયો છે, પરમસત્ય પાસમાં જ પ્રકાશે છે. નાસ્તિક શરીર ભલે એને અત્યારે ન જાણતું હોય, તો પણ જેને જ્ઞાન થયેલું છે તે દૃષ્ટિસંપન્ન સજ્જન આત્માનો ઇનકાર કેમ કરશે?

જાણ કે હું અનંતના મહિમાની નિવાસિની છું. નામી-અનામી ઉભયની સમીપમાં જ છું. અનિર્વચનીય મારો અંતેવાસી છે. આત્માને આત્માથી હું મળી છું, પણ મારા પ્રભુના પિંડ ઉપર પણ મારો પ્રેમ છે. સર્વે હૃદયો શું એક બની રહેનારા હૃદયને એકાકી મુકિત સંતોષ સમર્પી શકતી નથી. ઊર્ધ્વ પ્રત્યે અભીપ્સા સેવતા સંસારની હું પ્રતિનિધિ છું. મારા આત્માની મુકિત હું સર્વને માટે માગું છું."

વળી પાછો યમનો ગહનતર અવાજ ગાજ્યો:

પોતાના નિરર્થક નિયમના બોજા નીચે જાણે એ દબાઈ ગયો ન હોય, જાણે પોતાના સારરહિત સંકલ્પથી પોતે પીડિત થયો ન હોય તેમ એ અવજ્ઞાભર્યો હોવા છતાં હતો થાકેલો ને દયાભાવી બનેલો. એની પૂર્વની અસહિષ્ણુતા એનામાં અત્યારે દેખાતી નહોતી. એનું ભીષણ રૂપ બદલાયું હતું. અને એ આપણા અલ્પજીવી દિવ્ય પ્રયાસોનો સ્વીકાર કરતો હતો, છતાંય અશક્ય ભાવિ ભવ્ય દિવસને એ સંદેહગ્રસ્ત બનાવતો બોલ્યો: "તને જ્ઞાન થયું છે. ઊઠ, દૃષ્ટિવંતા દેવો તને મુકત કરે છે. જીવનના જંગી દબાણમાંથી તેં તારા મનને મુકત રાખ્યું હોત તો તું પણ તે દેવો સમાન સર્વજ્ઞ અને શાન્ત બની ગઈ હોત. પણ તારા હૃદયમાં ઉદ્દામ ભાવાવેગ ભર્યા છે. તું સૃષ્ટિનું સર્વ ઊધુંચતું કરી નાખવા અને ભાગ્યના લેખો પલટાવી નાખવા માગે છે. કાર્યને વેગવંતું બનાવવા માગનારા ને ઈશ્વરની ઉપરવટ થઈ જવાની ઇચ્છા રાખનારા મહાન આત્માઓ તારા જેવા હોય છે. પોતાની તોતિંગ શકિતથી તેઓ વર્ષો ઉપર બળાત્કાર કરે છે. પણ જેઓ સમજદાર છે તેઓ શાંત રહે છે. તેમનાં આસનો પર્વતોના જેવાં સુદૃઢ અને સ્થિર હોય છે. તેમનાં સ્વપ્નમુકત મસ્તકો સ્વર્લોકમાં વિરાજમાન રહેલાં હોય છે.

અભીપ્સા સેવતાં શિખરો પર મહાન મધ્યસ્થો ઊભા છે ને માનવ આત્માને તેઓ સ્વર્ગને સોપાને અર્ધમાર્ગ સુધી આરોહણ કરાવી આપે છે. જ્ઞાની જનો કાળચક્રની ગતિને અનુસરે છે; પોતાના અતિજ્ઞાનને તેઓ નિજ અંતરમાં સંયત રાખે છે. એમ ન થાય તો માણસનું કમજોર જીવન રાક્ષસી બળોને વશ થઈ કયાંનું કયાં

ઘસડાઈ જાય ને અગાધમાં ઊતરી પડે. દેવો વધારે નજીકમાં પગલાં માંડે છે ત્યારે બધું ડામાડોળ બની જાય છે ને ઊથલપાથલ મચી જાય છે. પ્રભુ પોતાના વિચારને છુપાવી રાખે છે ને પોતે ભૂલો કરતો હોય એવો ભાસ કરાવે છે. તેટલા માટે તું પણ અધીરી થા મા. આ જગત મંદ છે તે યાદ રાખીને ચાલજે. તારામાં જે અલૌકિક શક્તિ પ્રકટ થઈ છે તે પેલી મહાશક્તિ દેવી માતાની છે, જેની તેં આજે પ્રભાત-સમયે પૂજા કરી હતી તે દુર્ગાની. એણે તારામાં પ્રવેશ કર્યો છે, પણ તારામાં પ્રકટેલા બળને તું ઉદ્દામ આસુરી પ્રકારે વાપરતી નહિ, સંસારની સ્થિર રેખાઓને સ્પર્શતી નહિ, પુરાણા મહાનિયમોને પીડતી નહિ: પ્રતિષ્ઠા પામેલી પ્રશાન્ત વસ્તુઓનો તું આદરસત્કાર કરજે."

પરંતુ સાવિત્રી બોલી: "જે નિયમોને તું આસમાને ચડાવી દે છે તે નિયમો એટલે શું? શું તે આત્મરહિત ઘોર બળોનો અચિત્‌ના સ્વપ્નમાં ચાલી રહેલો ચકરાવો નથી? જો તારા નિયમો જ સર્વ કાંઈ હોત તો ચૈત્ય જીવની આશાઓ અર્થહીન બની જાત. પ્રભુને પ્રમાણિત કરતા કલ્પો નવીન અને અજ્ઞાતની પ્રત્યે ઝડપભેર જાય છે. તારું નિયંત્રણ કદાપિ તોડવામાં ન આવે તો પૃથ્વીના યુગોથી શું સરવાનું હતું? મહિમાઓએ મોરવાનું છે, દેવતાઈ વાણીથી ને માનવદેવોની પ્રેરણાથી પ્રવૃત્ત થઈ મનુષ્યે દીપ્તિમંતા દેવમાર્ગો લેવાને છલંગ મારવાની છે. તો તું સચેતન મનને જડતાની પકડમાં જકડી રાખવા માગ નહિ. તારા કાયદાઓને હું ખૂંદીશ. મુક્તિમાં મહાલવા માટે મારો જન્મ થયો છે. બેતારીખ દેવતાઓની હું સમોવડી છું. કાળ પાસે હું મારા સંકલ્પની શાશ્વતતાનો ને એની પળોમાં હું પ્રભુનો દાવો કરું છું."

યમે જવાબ આપ્યો: "તો તું તારી મુક્તિને ને સનાતનના માર્ગને ભૂલી જઈ નાશવંત પૃથ્વીનાં નમાલાં કાર્યો પ્રત્યે તારા ઉમદા અમર સંકલ્પને શા માટે નીચે વાળે છે? પૃથ્વીલોકનાં સારરહિત સુખોનું સેવન કરવા તારા વિચારને ને આત્મસામર્થ્યને શા માટે અધોગામી બનાવે છે? એવી ઊંચી વસ્તુઓને શું આમ વેડફી મારવી યોગ્ય છે? મૃત્યુ સામે ને કાળપાશો સામે તેં જે મહાપ્રયત્ન આદર્યો છે તેના જેવા પ્રયત્નથી તો તું દેવપદને પામી જાય. જેની ઉપર તારો પ્રેમ છે તેની મહામુક્તિનો ભોગ આપી તું તેને પિંડના ટુકડાઓ માત્ર આપવા માગતી હોય એવું લાગે છે. પ્રભુનાં પ્રાંગણો કરતાં શું તારા ભુજપાશ સત્યવાનને વધારે મીઠડા લાગશે?"

સાવિત્રી વદી: "સત્યવાનના સમર્થ હસ્તે અમારે માટે જે માર્ગ કાપી કાઢ્યો છે તેની ઉપર હું સીધાં પગલાં માંડીશ. પ્રભુએ મને લગામમાં લીધી છે ને એની ચલાવી હું ચાલું છું. એણે મને આ દેહ આપ્યો છે, ભાસ્વંત ભાવનાઓ આપી છે, તે શા માટે? એ છે એની પોતાની પ્રભુતાને મારામાં પ્રફુલ્લાવવા માટે, પરમ પ્રેમને પૃથ્વી ઉપર પોષવા માટે. દૂર સુદૂરનાં શાંત સ્વર્ગો અમારી વાટ જોઈ રહ્યાં હોય તો ભલે એ વાટ જોતાં રહે. પ્રભુએ સ્વર્ગનું સર્જન તો સહેલાઈથી કર્યું છે, એક પૃથ્વીનું

શિલ્પ જ એને માટે મુશ્કેલ હતું. પૃથ્વી ઉપર દેવોને પ્રકટ કરવામાં જ પ્રભુનો ખરો મહિમા રહેલો છે. માનવ જીવને પ્રભુએ ખરેખરું મહાન કાર્ય સોંપ્યું છે. એ છે જીવનની મર્યાદાઓની મધ્યમાં વિરાટ વિશાળતા આણવી તે, પ્રેમનું ને સૌન્દર્યનું સર્જન કરવું તે. પ્રભુ આ રમત રમાડી રહ્યો છે: પ્રેમના બંધનમાં પરમ મુક્તિ અનુભવવાની છે, જ્યાં સૌથી વધારે બંધાવાનું હોય ત્યાં સૌથી વધારે સ્વાતંત્ર્ય સંવેદવાનું છે. પ્રેમના નિષ્ઠુર નિયમનમાં રહીનેય હસવાનું છે, યમ! સમજાય છે?"

યમનો ઇનકાર સાવિત્રીના સ્વરની સામે આથડયો:

"તું ગમે તેટલી જબરી ભલે હોય ને દેવોના દરબારમાંય તારું નામ ભલે ગવાતું હોય, તો પણ તારો ભંગુર ભાવ મહાન દેવોએ ઊભી કરેલી લોખંડી દુર્ગ-દીવાલ તોડી પાડવા સમર્થ નથી. તું સાક્ષાત્ જગદંબા હોય તો પણ નિસર્ગના નિયમ તારા સંકલ્પથી અધિક બળવાન છે. પરમેશ્વર પોતેય પોતાના બનાવેલા નિયમ પાળે છે. નિયમ છે નિત્યની વસ્તુ. પુરુષ છે કાળસાગર પરનો પરપોટો. તારી પાછળ રહેલી કોઈ એક શક્તિને સામર્થ્યે તું પરમ સત્યનું પ્રથમ ફળ ચાખવા માગી રહી છે. પણ સત્ય શું છે ને તે ક્યાં છે? સૌ પોતપોતાની ઇચ્છાનુસાર સત્ય કલ્પી લે છે. બાકી કાળના બજારના કોલાહલમાં એનાં પગલાં કોણે સાંભળ્યાં છે? આ જગતમાં સર્વ સત્ય છે, છતાં સઘળું જૂઠું છે.

માણસ એક સાથે છે પશુ અને દેવ. એ છે અભીપ્સા રાખતું પ્રાણી ને નિષ્ફળ નીવડેલો દેવ, અને તેમ છતાં તે એ બેમાંનો એકે નથી. એ છે માત્ર મનુષ્ય, અને એ પ્રભુની સીડીએ ઉપર આવેલી વસ્તુતા પ્રત્યે આરોહે છે. પદાર્થમાત્ર આભાસ છે. કોઈ એનું સત્ય જાણતું નથી. ભાવનાઓ છે કોઈ એક અજ્ઞાન દેવતાનાં અનુમાનો. સનાતન સત્ય મર્ત્યોના સહવાસમાં રહેતું નથી. તું મને જીવંત સત્યનું શરીર પ્રથમ બતલાવ, તે પછી તને હું સત્યવાન પાછો આપીશ. સત્ય તો આ છે કે સત્યવાન મરી ગયો છે ને હવે બીજા કોઈ સત્યનો જાદૂમંતર મરેલાને જીવતો બનાવી શકશે નહિ; થયું છે તેને પૃથ્વીલોકની કોઈ પણ શક્તિ મિટાવી શકશે નહિ. માટે સત્યવાનને છોડીને જગતમાં પાછી જા અને જીવ."

સ્રીસ્વરૂપિણીએ ઉત્તર આપ્યો: "તું પણ દેવ તો છે, પણ તું પ્રભુ નથી. પ્રભુ જ્યારે રાત્રિ છોડીને ઊર્ધ્વ માર્ગ લે છે તે સમયની તું એની કાળી છાયા છે ને એને વળગેલી ને જોડે ખેંચાતી અચિત્ શક્તિ છે. અચેતન દેવનું તું કાળું મસ્તક છે, એના અજ્ઞાનનું અનુતાપરહિત ચિહ્ન છે, અજ્ઞાનના કાળા ગર્ભનું સ્વાભાવિક બાળક છે, એના અમૃતત્વની આડે આવતો પાપ અર્ગલ છે.

પરસ્પર વિરોધી સર્વે વસ્તુઓ પ્રભુનાં જ સ્વરૂપો છે. પ્રભુ એક છે તેમ જ અનેક પણ છે, અવ્યક્તરૂપ તેમ જ અનંત વ્યક્તિસ્વરૂપ પણ એ જ છે. પ્રભુ છે સનાતનની મુદ્રા ધારતું મૌન. શાશ્વત શબ્દ એના પ્રકાશથી પ્રેરાય છે. પ્રભુ છે નિશ્ચલની અમર નીરવતા, એ છે સર્જક આત્મા ને સર્વશક્તિમાન ઈશ્વર. એનો

સંકલ્પ સર્વનું સંચાલન કરી રહ્યો છે. પ્રભુ સર્વથી પર છે ને છે કેવલસ્વરૂપ. એ જ છે આત્મા, એ જ છે જડ પદાર્થ; શૂન્યાકાર પણ એ જ છે. એ છે વ્યક્તિ-સ્વરૂપ, એ છે વિશ્વસ્વરૂપ, એ છે પરાત્પર અને તેમ છતાંયે એ એમાંનો એકે નથી. આ આખી સમસ્યા છે રહસ્યમયી. માણસ તો માત્ર સપાટી ઉપરનાને જ જોઈ શકે છે. સઘળું જ સેળભેળ થઈ ગયેલું છે, પણ જે છે તે સર્વની પાછળ એક યોજના છે. એક ગુપ્ત જ્ઞાન સર્વત્ર કાર્ય કરી રહેલું છે. માર્ગે પતનો આવે છે, ઠોકરો ખાવી પડે છે, પણ પ્રત્યેક પતનમાં ને ઠોકરમાં કોઈ હેતુ રહેલો હોય છે. આ સર્વે સંવાદો ને વિવાદો પરસ્પર મળીને ઉત્ક્રાંતિનું મહાસંગીત સર્જે છે.

એક પરમોચ્ચ સત્યે સર્વ સરજ્યું છે, પણ એણે પોતાના સ્વરૂપની આસપાસ જડદ્રવ્યની ચાદર લપેટી રાખી છે. આ સત્યે જ નીરવ આકાશમાં સૂર્યોને સળગાવ્યા છે, જે સત્ છે તેને એણે જડદ્રવ્યમાં ફેરવી નાખ્યું છે, જ્ઞાનને ઢંકાયેલી ને બહાર નીકળવાની ચેષ્ટા કરતી જ્યોતિનું રૂપ આપ્યું છે, જડ જગતના સૌન્દર્યનું રૂપ આનંદને આપ્યું છે. અંતવંત વસ્તુઓમાં સચૈતન્ય અનંતનો નિવાસ છે, જડ-દ્રવ્યની નિશ્ચલ સમાધિસ્થતામાં એ અંતર્લીન પોઢેલો છે. એનું સ્વપ્ન આપણાં મનને, હૃદયને ને ચૈત્યને પ્રક્ષિપ્ત કરે છે. એ જ એમને કઠોર પૃથ્વી ઉપર એમની પંગુતા ને બદ્ધતા સાથે કામે લગાડે છે. અંતર્લીન ચૈતન્ય ક્રમે ક્રમે બહાર પ્રકટ થવા માંડે છે, ને એમ કરતાં કરતાં એક સંવેદનશીલ સત્ત્વ સર્જાય છે, જે સુખ-દુઃખાદિના અનુભવ કરતું અલ્પકાલ જીવતું રહી મૃત દેહને છોડી દે છે. પરંતુ આ અનુભવો દ્વારા ભીતરમાંનો ગુપ્ત ચૈત્ય આત્મા વૃદ્ધિ પામતો જાય છે ને પૃથ્વી પરના અર્થરહિત જીવનને એ સાર્થ બનાવે છે. પછી તો અર્ધ-દેવ, પ્રાણી જેવો વિચાર કરતો મનુષ્ય ઉત્પન્ન થાય છે. કીચડમાં આળોટતો હોવા છતાં એ વિચાર વડે સ્વર્ગ પ્રત્યે ઊડે છે. વિહાર કરતો, વિમર્શ કરતો, હસતો, રડતો ને સ્વપ્ન સેવતો એ પશુની પેઠે પોતાની લાલસાઓને સંતોષે છે અને આખરે એ સર્વથી અળગો પડી અધ્યાત્મ જાગૃતિ અંતરમાં અનુભવે છે. હવે એની મુક્તિનો ને દ્યુતિમાન દ્યુલોકનો એને માટે આરંભ થાય છે. શાશ્વતતાની ઝાંખી એને થવા માડે છે, અનંતનો એને સ્પર્શ થાય છે અને અલૌકિક અવસરો પર એને દેવોનો સમાગમ થાય છે. વિશ્વને હવે એ પોતાના જ વિશાળતર સ્વરૂપ રૂપે જુએ છે, હૃદયની એકાંત ગુહામાં એનો પ્રભુ સાથે ગુપ્ત વાર્તાલાપ ચાલે છે.

કેટલાક આત્માઓ પરમોચ્ચ શૃંગે આરોહવાનું સાહસ આદરે છે. ત્યાં તેઓ માતરિશ્વાના શ્વાસોચ્છ્વાસ લે છે, બૃહદ્ બ્રહ્મના સંદેશા ઝીલે છે, અંતર્જ્ઞાનની અપરિસીમ આભામાં અંઘોળે છે, સત્યલોકની સીમાએ પહોંચી જાય છે. આમ માનવ ત્યાં જઈ તો શકે છે પણ ત્યાં ટકી શકતો નથી. ત્યાં હોય છે વિશ્વ-વિરાટ વિચાર, જેના નાનામાં નાના અંશમાંથી આપણાં તત્ત્વદર્શનો જન્મ્યાં છે. પણ આરોહણપરાયણા જ્યોતિ એથીયે ઊર્ધ્વમાં જઈ શકે છે. અને ત્યાં હોય છે સનાતન

સૂર્યો, અમર પ્રકાશના પારાવારો, સ્વર્ગોને આક્રાંત કરતી જ્વાળાઓની ગિરિપરંપરા. ત્યાંનો નિવાસી દેદીપ્યમાન દિવ્ય દ્રષ્ટા બની જાય છે, અદ્વૈતનું અખંડ ભાન એનામાં પ્રબુદ્ધ થાય છે, આત્માનાં એકાંતો, મસ્તિષ્કની આકાશીય અસીમતાઓ, હૃદયના રહસ્યમય ખંડો એની આગળ ઊઘડી જાય છે.

ઊંચામાં ઊંચું ઉડ્ડયન ઊંડામાં ઊંડી દૃષ્ટિએ પહોંચે છે. સ્વયંસ્ફુરિત જ્ઞાન ગુપ્ત સત્યોને શોધી કાઢે છે, વિચારને સૂર્યદૃષ્ટિ પ્રાપ્ત થાય છે, શબ્દ સત્યના નિગૂઢ નિલયમાં પ્રવેશે છે ને જીવન આડે પડેલો પડદો વિદીર્ણ થઈ જાય છે. ત્યાં છે અધિ-મનસની સરહદ, માનવ જીવના અનુભવને માટે અત્યંત વિશાળો ચેતનાનો પ્રદેશ. વિશ્વવિધાયક દેવ-સ્વરૂપો ત્યાં વિરાજતાં હોય છે ને પ્રત્યેક દેવ પોતાના સ્વભાવ અનુસાર પોતાનું પૃથક્ જગત બનાવે છે. ત્રણે કાળ ત્યાં એકાકાર અવસ્થામાં રહેલા હોય છે, અવકાશ એકમાત્ર મહાગ્રંથ બની જાય છે. નીચેના ને ઉપરના ગોલાર્ધને સંયોજતી ને વિયોજતી રેખા ત્યાં આવેલી છે ને એ કાળને ને અકાળ શાશ્વતતાને અળગાં રાખે છે.

સનાતન જ્યોતિના પોતાના સનાતન રાજ્યમાં પરમ સત્ય પ્રકાશમાન વિરાજે છે. એ છે સર્વજ્ઞ ને સર્વશક્તિમાન ને એકાકી. નીરવ બનેલ વિચાર પાર ઊર્ધ્વમાં પોતે અનામી હોવા છતાં નામધારી વિશ્વમાતા કાળથી પારની પરમ શાન્તિમાં પ્રકાશે છે. એના અંકમાં સનાતન શિશુનાં દર્શન થાય છે. ત્યાં છે આપણી ભવિષ્યની આશા, અંધકારનો ઝંખેલો સૂર્ય, અમર સંવાદિતાનો મંગળ મેળ. આપણાં સઘળાં સત્યો જેના માત્ર ટુકડાઓ જ છે તે મહાસત્ય ત્યાં સ્વયંપ્રકાશ છે, સઘળા સંઘર્ષોને શમાવી દેનાર પરમપ્રેમ ત્યાં પુલકાવે છે, આપણાં ઝૂરતાં દુઃખો જેની પ્રાર્થના કરી રહ્યાં છે તે પરમાનંદ ત્યાં પ્રાપ્ત થાય છે. પૃથ્વી ઉપર પ્રકટ થતા મહિમાઓ ત્યાંથી પધારે છે, માનવ જીવને ત્યાં પ્રભુનો ભેટો થાય છે, સૃષ્ટિનાં સ્વપ્નાંનું સૌન્દર્ય ત્યાંથી ઉદય પામે છે, સનાતનની પૂર્ણતા ત્યાં રહીને કાળ-જન્મી પૂર્ણતાને પોકાર કરે છે. પ્રભુનું સત્ય મનુષ્ય આગળ અણચિંતવ્યું પ્રકટ થાય છે અને અંત પામતાં સ્વરૂપોને પકડી પાડે છે.

અતિમનસ વિજ્ઞાનનું જગત નિત્યજ્યોતિનું જગત છે. ત્યાંનું શરીર બ્રહ્મ-તત્ત્વનું બનેલું હોય છે. ત્યાં કર્મ દ્વારા ચૈત્ય આત્મા આવિષ્કાર પામે છે, વિચાર અચૂક અને અનપેક્ષ હોય છે અને જીવન એક અખંડ આરાધના બની એકસ્વરૂપને માટે થતા મહાયજ્ઞની મહામુદ્રાનું રૂપ લે છે. સાન્ત સ્વરૂપમાં ત્યાં અનંતનું મુખ-દર્શન થાય છે. એક આત્મા અનેક રૂપે વિલસતો અનુભવાય છે. એક અનંત પુરુષ અસંખ્યેય વ્યક્તિસ્વરૂપોમાં અભિવ્યક્તિ પામે છે. કાળની ઘડીઓમાંથી અકાળ ડોકિયાં કરતો દેખાય છે, અનિર્વચનીય વાણીના વાઘા પહેરે છે, સર્વાશ્ચર્યસ્વરૂપ પ્રત્યેક ઘટનાને ચમત્કારી બનાવી દે છે, પ્રત્યેક રૂપમાં સર્વસૌન્દર્યમયનું આશ્ચર્ય ઉલ્લસે છે. સત્ય આત્માને માટે સોમરસનું સુવર્ણપાત્ર બની જાય છે. પ્રત્યેક સત્ત્વ

ત્યાં આત્માનું જ એક અંગ છે; એકતા ઉપર એનો અમર દાવો હોય છે; બહુસ્વરૂપનું માધુર્ય ને અનેકતાનો આનંદ એકસ્વરૂપ સાથેની અંતરંગતાને લીધે ત્યાં તેજીલાં બની ગયેલાં હોય છે.

પણ યમ ! એ સત્યનું દીપ્તિમંત મુખ તને કોણ બતાવી શકશે ? અમારા માનુષી શબ્દો સત્યને સંતાડી દેતી છાયા જેવા છે. વિચાર માટે એ પ્રકાશનો અચિંત્ય અત્યાનંદ છે અને વાણી માટે છે એ અવર્ણનીય આશ્ચર્ય. એનું તને દર્શન થાય તો તું તુરંત સુજ્ઞ બની જાય, ને કદાચ તારો અંત પણ આવી જાય. આપણા આત્માઓ જો પરમાત્મસત્યનો સાક્ષાત્કાર કરે અને આપણો પ્રેમ જો એને આલિંગનમાં લઈ લે તો આપણે પ્રભુના સ્વરૂપ સાથે સરૂપતા પામી જઈએ અને આપણુ પાર્થિવ જીવન પ્રભુમય બની જાય."

હવે છેલ્લી વાર યમ જવાબમાં બોલ્યો :

"સત્ય જો પોતાની સ્વપ્નમય છાયાથી પર હોય તો પછી એ ઉભયની વચ્ચે સેતુનું કાર્ય કોણ કરશે ? પૃથ્વીની ધુમ્મસ-ઘેરી હવામાં આવી એનો મહિમા વેડફી મારવાનું કોણ એને સમજાવશે ? મારી જાળમાંથી છટકી જવાને પાંખો ફફડાવી રહેલા ઓ સુંદરશરીરધારી જીવ ! બોલ, તારામાં એ બળ છે ? માનુષી છળવેશમાં છુપાયેલી તું કોણ છે ? તારા અવાજમાં અનંતતાનો રણકો છે, તારા શબ્દોમાં સત્ય બોલે છે, પારની વસ્તુઓનો પ્રકાશ તારાં નેત્રોમાં પ્રકાશે છે. શું તારામાં કાળને ને મૃત્યુને જીતી લેવાનું સામર્થ્ય છે ? હોય તો તે ક્યાં છે ? સ્વર્ગની પ્રતિમા પૃથ્વી ઉપર ઊભી કરવા માટેની પ્રભુની શકિત તારામાં છે ? શકિત વગરનું જ્ઞાન જગતનું રૂપાંતર કરવાને શકિતમાન નથી. સત્યે નહીં, એક અંધ શકિતએ અજ્ઞાનનું જગત બનાવ્યું છે; એણે જ માનુષી જીવનોની સરણી સાધી છે. પ્રકાશ દ્વારા નહીં, શકિત દ્વારા મહાન દેવતાઓ વિશ્વ ઉપર રાજ્યશાસન ચલાવે છે. શકિત છે સર્વેશ્વરનું શસ્ત્ર, શકિત છે ભાગ્યલેખ ઉપર મરાયેલી મુદ્રા. અમૃતત્વનો દાવો કરવાવાળી ઓ માનુષી ! તારામાં શકિત હોય તો તું તેને પ્રકટ કર, ત્યાર પછી હું તને તારો સત્યવાન પાછો આપીશ. અથવા તો જો સર્વસામર્થ્યમયી શ્રી માતા તારા સાથમાં હોય તો તેના સુમંગળ સ્વરૂપનાં દર્શન કરાવ. એ મહેશ્વરીને હું આરાધીશ. અમર્ત્ય આંખોને મૃત્યુની આંખમાં દૃષ્ટિ કરતી દેખાડ. એ અવિનશ્વર શકિતમાતાના સ્પર્શથી પૃથ્વી ઉપરના મૃત્યુને અમર જીવનમાં પલટાવ. ત્યાર પછી જ તારો મૃત સત્યવાન પુનરુજ્જીવન પામશે ને તને પાછો પ્રાપ્ત થશે, પ્રણતા પૃથિવી પ્રભુના ગુપ્ત શરીરને સમીપવર્તી બનાવશે અને પરમ પ્રેમ પલાયન કરતા કાળને પકડી પાડશે."

સાવિત્રીએ યમ સામે મીટ માંડી જોયું ને એને કશો ઉત્તર ન આપ્યો. સાવિત્રીમાં તત્કાલ એક અત્યંત ઓજસ્વી રૂપાંતર થઈ ગયું. એના અંતરમાં અધિષ્ઠિત મહા-દેવીના આભામંડલે, એના મુખ પર પ્રકાશતી અમૃતસ્વરૂપની જીવંત જ્યોતિએ એનાં અંગોને આવરી લીધાં. એની આસપાસની હવા જાજ્વલ્યમાન સાગર

સમી બની ગઈ. આડે પડેલો પડદો અવતારે અળગો કર્યો. આખી અનંતતાની મધ્યે સાવિત્રી એમ તો હતી એક નાનકડી માનવ મૂર્ત્તિ, છતાંય અત્યારે એ સાક્ષાત્ સનાતનનું સંમૂર્ત્ત ધામ બની ગઈ. એનો આત્મા બન્યો 'તો બ્રહ્માંડનું કેન્દ્ર અને અનંત આકાશ હતું એનું આવરતું અંબર. બે તારાઓ જેવી એની આંખોમાં સર્વજ્ઞત્વ સ્ફુરતું હતું. એના ઊર્ધ્વના આત્મસ્વરૂપમાં રહી જે શક્તિ શાસન ચલાવતી હતી અને એના હૃદયકમળમાં જેનું સાન્નિધ્ય શોભતું હતું તે એનાં ભવાં વચ્ચેના આજ્ઞાચક્રમાં ઊતરી. એ એ જ હતી કે જે ધ્યાનના ધામમાં રહી તૃતીય નેત્ર ઉઘાડે છે ને જે દેખી શકાતું નથી તેને દૃષ્ટિગોચર બનાવે છે. નિત્યનું જ્ઞાન અને નિત્યનો સંકલ્પ પછી તો મર્ત્યના સંકલ્પને પોતાનો બનાવી દે છે. ત્યાંથી તે કંઠના વિશુદ્ધ ચક્રમાં ઊતરી ને વાણીએ અમર શબ્દનું સ્વરૂપ ધારણ કર્યું. વિશ્વવિચારની સાથે તાલમેળ સાધી એણે હૃદયમાં પ્રવેશ કર્યો અને ભાગ્યને પલટાવી નાખનારી શક્તિને જગાડી. નત નાભિચક્રમાં એણે પ્રવેશ કર્યો અને કામનાને અલૌકિક અર્ચિષનું રૂપ આપ્યું. સ્વાધિષ્ઠાન ચક્રમાં જઈ એણે ક્ષુદ્ર પ્રાણને પોતાનું નિવાસસ્થાન બનાવ્યો. પછી મૂલાધારમાં જઈ ત્યાં સૂઈ રહેલી કુંડલિની પર એણે પ્રહાર કર્યો ને સહસ્રફણાધારી સર્પને જગાડયો. જ્વાલામય મહાસ્તંભ સમાન ઊંચે ઊભો થયેલો એ વિશ્વાત્માને આશ્લેષ્યો. જડતત્ત્વની મૂકતા બ્રહ્માત્માની નિઃશબ્દતા સાથે સંયોજાઈ ગઈ, અને પાર્થિવ પ્રવૃત્તિઓ પરમાત્માની નીરવ શક્તિથી સભર બની ગઈ.

આમ રૂપાંતર પામી ગયેલી સાવિત્રી આદેશશબ્દની રાહ જોતી ઊભી. શાશ્વતતાએ મૃત્યુ સામે મૃત્યુંજય મીટ માંડી. અંધકારે પરમેશ્વરની સજીવન સત્તાને પ્રત્યક્ષ કરી. પછી સમાધિસ્થ હૃદયના મૌનને સંબોધતો અણરવ આત્માનો અવાજ સંભળાયો :

"હે સર્વસમર્થ યમદેવ ! હે વિજયી મૃત્યુદેવ ! મારાં તને અભિનંદન છે. તું છે અનંતનો મહાપ્રભાવી અંધકાર, અસ્તિત્વ માટે સર્વને સ્થાન કરી આપનારી રિક્તતા. તું વિશ્વને ભરખી જાય છે. સર્વ-જ્ઞાન જેમાં સૂતું છે તે અજ્ઞાન તું છે; તું છે મારી છાયા, તું છે મારું હથિયાર. માનવ જીવ પ્રકાશ પ્રત્યે પ્રેરાય અને પરમ પુરુષાર્થ આદરે તે માટે મેં તને ત્રાસની, શોકની અને સંતાપની તીક્ષ્ણ તરવારે સજ્યો છે. માનવીને તું મહિમાધામો પ્રત્યે હંકારે છે, નિત્યના સુખ માટે ઝૂરતો બનાવે છે. અમૃતત્વ માટેની તું એની ઉગ્ર આવશ્યકતા છે. ભલે તું રહ્યો, હજી તારી જરૂરિયાત છે. પણ એક દિવસ આવશે જ્યારે માણસ તારા અગાધ ઊંડા હૃદયનું માપ લેશે, તારી મીટમાં જે અણનમ છતાં પ્રશાંત અનુકંપા છે તેનું રહસ્ય જાણી જશે. પરંતુ અત્યારે તો તું મારી અવતારી શક્તિના માર્ગમાંથી આઘો થઈ જા અને તારા કાળા કફનમાંથી પ્રકાશમાન દેવ સત્યવાનને વિમુક્ત કર. સત્યવાન જીવનનો ને ભાગ્યનો વિધાતા બનીને વિરાજશે. પૃથ્વી ઉપર એ પ્રભુનો પ્રતિનિધિ

છે, પ્રજ્ઞાનો ને પ્રભાનો પ્રિયતમ છે, સનાતન વધૂનો સનાતન વર છે."

મૃત્યુના દેવે હજીય આનાકાની કરી. જાણવાની ને જોવાની એ ના પાડતો હતો, છતાંય એ જાણતો 'તો ને જોતો 'તો. એનો આત્મા નમ્યો, પણ દેવોનેય બંધનકારક એનો સંકલ્પ હજુ એના સ્વભાવને વશ હતો. બન્નેય અન્યોન્યની સામે ઊભા 'તા,—કાળા કિલ્લા જેવો યમ ને એને ઘેરો ઘાલતો સાવિત્રીનો સનાતન આત્મા. સાવિત્રીની સચૈતન્ય શક્તિએ એની ઉપર આગ્રહભર્યું આક્રમણ કર્યું—સામેથી, ઉપરથી અને આસપાસથી. પ્રકાશે પાવક બનીને યમના વિચારોને આચમી લીધા; એના હૃદયમાં એ પ્રવેશ્યો તેની સાથે એ અસહ્ય યાતના રૂપ બની ગયો; એની નસેનસમાં એ મહાવેદના બની વહેવા લાગ્યો; એનો અંધકાર બડબડાટ સાથે સાવિત્રીની ભડભડતી જ્વાળામાં ભસ્મીભૂત થઈ ગયો. યમે રાત્રિનું આવાહન કર્યું, પણ એ ફફડાટ ભરી પાછી પડી; એણે પાતાળને પોકાર કર્યો, પણ તેય ગ્લાનિ-ગ્રસ્ત બનીને જતું રહ્યું. હવે એ અચિત્ તરફ વળ્યો, તો તેણે એને સીમારહિત રિક્તતામાં પાછો ખેંચી લીધો. એણે પોતાના પુરાણા પ્રભાવને બોલાવ્યો પણ તેણે એનું કહ્યું સાંભળ્યું નહીં. હવે એને લાગ્યું કે પરાજય પૂરેપૂરો અનિવાર્ય છે, પોતે માનવ જીવને પોતાનો શિકાર બનાવી શકશે નહિ; અમર આત્માને મર્ત્ય બનવાની ફરજ પાડવાનું કામ એને માટે હવે અશક્ય બની ગયું હતું, એટલે એ નાઠો ને પોતે જે કાળા શૂન્યમાંથી આવ્યો હતો તેમાં અદૃશ્ય થઈ ગયો.

સાવિત્રી ને સત્યવાનના ચૈત્યોમાંથી સાંધ્ય પ્રકાશનો પ્રદેશ પ્રલીન થઈ ગયો ને બન્ને જણાં ત્યાં એકલાં અવશેષ રહ્યાં. બેમાંથી એકે ન હાલ્યું કે ચાલ્યું. બન્નેની મૂર્તિઓ વચ્ચે એક અરવ, અદૃશ્ય ને અર્ધપારદર્શક દીવાલ દેખાઈ. સર્વે કો એક અજ્ઞાત ને અવિકલ્પ્ય સંકલ્પની પ્રતીક્ષા કરવા લાગ્યાં.

દસમું પર્વ સમાપ્ત